PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/કવા–૦૪/૧૭–૧૮/1760(3) તા. 09-02-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પ્રવિણભાઈ બચુભાઈ ભેસાણીયા,
ગામ: ભેસાણ
તા. ભેસાણ
જી. જુનાગઢ
મો: ૯૮૨૫૨ ૪૭૩૦૮

વિષય :–સોલાર પમ્પ સેટ મેળવવા માટે
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૬/કવા–૦૪/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,ભેસાણ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોક્લવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૦૬/ક્વા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૫–૦૧–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: પ્રવિણભાઈ બચુભાઈ ભેસાણીયા, ગામ: ભેસાણ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી પ્રવિણભાઈ બચુભાઈ ભેસાણીયા રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,ભેસાણ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

**રજુઆત કરનાર :એલ.કે.પરમાર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**

## : હુકમ :

**ફરીયાદ : સોલાર પમ્પ સેટ મેળવવા માટે**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓએ તેમના ગામ:ભેસાણ ખાતે – તેમની માલીકી ના રેવન્યુ સર્વે નંબર ઉપર પીજીવીસીએલ ની સબડીવીઝનલ ઓફિસ – ભેસાણ ખાતે તા.૨૨–૦૭–૧૬ ના રોજ રસીદ નંબર: ૨૪૪૧૫૪ થી ૭.૫ હોપા ની માંગણી મુકેલ છે. અરજી કરતી વખતે તેઓએ સર્વે નંબર: ૧૧૯/૧ ના તમામ દસ્તાવેજીક પેપર્સ રજુ કરેલ છે. જેમા તેઓને સૌર ઉર્જાની જરૂરીયાત છે. પરંતુ,સૌર ઉર્જા નુ જોડાણ મેળવવા માટે – અગાઉ જોડાણ માટે ની અરજી હોવી જરૂરી છે. તેઓએ અગાઉ ના – માંગણી મુજબ ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી – જે જમીન માટે કરેલ હતી, તેની રસીદ નં. –૯૬૨૪૭ તા.૨૨–૦૭–૧૪ ની જોડવાની શરતચુક થી રહી ગયેલ હતી. પરંતુ, તેઓની શરતચુક થી સર્વે નંબર: ૫૩૬/૧/પૈકી માં – જે રેગ્યુલર જોડાણ ની માંગણી કરેલ હતી. જેના રજીસ્ટ્રેશન નંબર: ૧૨૭૨૬ તા.૦૪–૦૮–૧૨ હોપા ૧૫ ની રસીદ જોડાય ગયેલ છે.<br>તેઓને ખરેખર સર્વે નંબર: ૧૧૯ / ૧ / પૈકી મા સૌર ઉર્જા નુ જોડાણ મેળવવા માટે ની જરૂરીયાત છે. જે અન્વયે – તેઓએઅત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે,<br>• (૧) અરજદાર શ્રી પ્રવિણભાઈ બચુભાઈ ભેસાણીયા દ્વારા – ખેતીવાડી સર્વે નંબર: ૫૩૬ પૈકી ૧ મા સામાન્ય યોજના હેઠળ, નવા ખેતીવાડી વીજજોડાણ ૧૫ હોપા માટે તા.૦૪–૦૮–૧૨ ની અરજી ની નોંધણી કરાવેલ હતી. જે અનુસંધાને – અગાઉ સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ ખેતીવાડી હેતુ વાળા વીજજોડાણ ની અરજી ને –સૌર ઉર્જા સંચલીત યોજના વર્ષ–૨૦૧૬–૧૭ અંતર્ગત ફેરવવા માટે– અરજદાર દ્વારા તા.૨૨–૦૭–૧૬ ના રોજ રૂ.૧૦૦૦/–રસીદ નંબર: ૨૪૪૧૫૪ થી ૭.૫ હોપા માટે ખેતીવાડી સર્વે નંબર: ૧૧૯ / ૧ / પૈકી મા – ખેતીવાડી સૌર ઉર્જા સંચાલીત પમ્પ હેઠળ નુ જોડાણ મેળવવા માટે ની માંગણી મુકેલ છે.<br>• (૨) ઉપરોક્ત બાબતે – પીજીવીસીએલ ની સબંધક કચેરી ના પત્ર નંબર: ૧૪૧૫ તા.૦૩–૦૩–૧૭ અને તા.૨૨–૦૩–૧૭ થી રજીસ્ટર્ડ ટપાલ દ્વારા – નવા ખેતી વિષયક વીજજોડાણ મેળવવા માટે – સદર અરજી ને સંલગ્ન તાજેતર ના આધાર–પુરાવા જરૂરી હોય, અરજદાર ને જાણકારી અપાયેલ. પરંતુ, અરજદાર દ્વારા સદર બાબતે કોઈ કાર્યવાહી ન કરાતા – પીજીવીસીએલ ની સબંધક કચેરી ના પત્ર નંબર: ૨૬૦૫ તા.૦૩–૦૪–૧૭ થી અરજી દફતરે કરવા માટે નોટીસ પાઠવવામા આવેલ. |

- (૩) ત્યારબાદ, સદર બાબતે – અરજદાર દ્વારા તા.૩૦–૦૫–૧૭ ના રોજ – પીજીવીસીએલ ની સબંધક કચેરી ને જણાવેલ કે, સૌર ઉર્જા સંચાલીત સિંચાઈ પમ્પ મેળવવા માટે અરજી કરેલ હતી. તેમા, હકીકતે – તેઓની અગાઉ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી તા.૨૨–૦૭–૧૪ /–રસીદ નંબર: ૬૬૨૪૭ થી નોંધણી કરેલ અરજી ને તબ્દીલ કરવાની હતી.
- (૪)જે, અન્વયે – પીજીવીસીએલ ના પત્ર નં.૬૪૦૪ તા.૨૧–૦૯–૧૭ થી અરજદાર ને જણાવેલ કે – તેઓની અગાઉ નોંધાવેલ અરજી ૧૫ હોપા નુ વીજ જોડાણ મેળવવા માટે ની હોય, હાલ ના તબ્બકે, સદર નોંધાયેલ અરજી અન્ય સામાન્ય ક્રમ ની અરજી અન્વયે – સૌર ઉર્જા સંચાલીત પમ્પ હેઠળ નુ જોડાણ મેળવવા માટે તબ્દીલ થઈ શકે નહી.
- (૫) તેમજ, હાલ મા પીજીવીસીએલ દ્વારા વર્ષ–૨૦૧૨ મા નોંધાયેલ અરજીઓને ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી ચાલુ હોય – પરંતુ, પીજીવીસીએલ દ્વારા માંગણી કરાયેલ માહિતી સબંધક વિષયે લેખીત મા અભિપ્રાય આપવાની જણાવેલ – પરંતુ – અરજદાર દ્વારા કોઈ લેખીત મા સ્પષ્ટતા કરેલ નથી.
- (૬) સદર અરજદાર દ્વારા ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૪૫૫૧ / ૦૨૧૮૧ / ૭ – મુળ ગ્રાહક મુકેશભાઈ ગામજીભાઈ ભેસાણીયાના નામનુ હતુ,જે સદર અરજદાર દ્વારા જમીન –સર્વે નંબર: ૧૧૯/૧ – મુળ વીજ ગ્રાહક પાસેથી શ્રી પ્રવિણભાઈ બચુભાઈ ભેસાણીયા એ લીધેલ હોય – અરજી ના અનુસંધાને તા.૦૨–૦૮–૧૧ થી નામ બદલી કરી આપેલ છે. ત્યારબાદ, સદર અરજદાર દ્વારા વીજભાર વધારા અને શીફટીંગ ની અરજી તા.૨૩–૦૮–૧૨ થી સર્વે નંબર: ૧૧૯/૧ ના કુવા પર થી સર્વે નંબર: ૫૩૬/૧ ગામ: ભેસાણ ખાતે એસ.આર.નં. ૫૨૯૪૫૫૪ મંજુરી મળ્યા બાદ – તા.૦૫–૦૨–૧૪ થી શીફટીંગ કરી આપેલ છે.
- (૭)વધુમા – અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અન્વયે – ભુલ થી બીજા સર્વે નંબરમા માંગણી કરેલ તેની રસીદ નંબર: ૬૬૨૪૭ જોડેલ છે. બાકી ના અન્ય સર્વે નંબર: ૧૧૯ પૈકી ૧ ના છે. પરંતુ, પીજીવીસીએલ દ્વારા માંગણી કરાયેલ જરૂરી માહિતી – જે તે વખતે અરજદાર દ્વારા પુરી પડાયેલ ન હોય – જેથી, અરજી ની નોંધણી થયા મુજબ – તેમા ફેરફાર થઈ શકે નહી. તેમજ, પીજીવીસીએલ દ્વારા અરજી રદબાતલ કરેલ હોય, જેથી, જો અરજદાર સદર સોલારપંપ મેળવવા માટે ની અરજી અન્વયે ભરપાઈ કરેલ રૂ.૧૦૦૦/– રીફંડ મેળવવા માટે ઓરીજીનલ રસીદ સાથે પીજીવીસીએલ ની સબંધક કચેરીને અરજી કરવાની રહેશે. વધુમા – જો અરજદાર – તેઓની અગાઉ નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી વર્ષ–૨૦૧૪ મા તા.૨૨–૦૭–૧૪ થી સર્વે નંબર: ૧૧૯/૧ મા ૧૦ હોપા માટે અરજી કરેલ છે, જેનો અગ્રતાક્રમ – ૨૩૮/૨૦૧૪ છે. જો, તે અન્વયે – સોલારપંપ મેળવવા ઈચ્છતા હોય તો – નવેસર થી કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ – કાર્યવાહી કરવાની રહેશે. આમ, અરજદાર ની અરજી મુજબ – નિયમાનુસાર માંગણી મુજબ ની અરજી સ્વીચઓવર થઈ શકે નહી.

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | (૧)અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અંતર્ગત – અરજદાર દ્વારા તા.૨૨–૦૭–૧૬ ના રોજ રૂ.૧૦૦૦/–રસીદ નંબર: ૨૪૪૧૫૪ થી <u>૭.૫ હોપા</u> માટે ખેતીવાડી સર્વે નંબર: ૧૧૯ / ૧ / પૈકી મા – ખેતીવાડી સૌર ઉર્જા સંચાલીત પમ્પ હેઠળ નુ જોડાણ મેળવવા માટે ની માંગણી મુકેલ છે. પરંતુ, તેઓની રજુઆત મુજબ – તેઓએ ભુલ થી સર્વે નંબર: ૫૩૬/૧/પૈકી માં – જે રેગ્યુલર જોડાણ ની માંગણી કરેલ હતી, જેના રજીસ્ટ્રેશન નંબર: ૧૨૭૨૬ તા.૦૪–૦૮–૧૨, <u>૧૫ હોપા</u> ની રસીદ જોડાય ગયેલ છે. પરંતુ, ખરેખર અરજદાર ની રજુઆત મુજબ – સૌર ઉર્જા સંચાલીત પમ્પ ની જરૂરીયાત સર્વે નંબર: ૧૧૯/૧ સર્વે નંબરમા છે.<br><br>(૨) સદર બાબતે– પીજીવીસીએલ દ્વારા અરજદાર ની માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર: ૧૧૯ / ૧ / પૈકી મા – ખેતીવાડી સૌર ઉર્જા સંચાલીત પમ્પ હેઠળ ૭.૫ હોપા નુ જોડાણ મેળવવા માટેની અગાઉ ની તા.૦૪–૦૮–૧૨ ની અરજી <u>૧૫ હોપા</u> મેળવવા માટે ની હોય સૌર યોજના હેઠળ પમ્પસેટ લેવા માટે ની અરજી પીજીવીસીએલ ના પત્ર .ડીઈ/ભે/એસ્ટા/ બીલીંગ / ટેક / નં. –૬૪૦૪ તા.૨૧–૦૯–૧૭ થી રદબાતલ કરાયેલ હતી. |

| | |
|---|---|
| | (૩) ઉપરોક્ત મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં.(૨) મુજબ – અરજદાર ની સામાન્ય યોજના હેઠળ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી તા.૦૪–૦૮–૧૨ સર્વે નંબરઃ ૫૩૬/૧/પૈકી માં અગ્રતાક્રમ મુજબ વારો આવતા – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા – અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ દ્વારા – જરૂરી આધાર–પુરાવા નિયત સમયમર્યાદા મા રજુ કરવામા નિષ્ફળ ગયેલ હોય – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા – તા.૦૩–૦૪–૧૭ મુજબ – અરજદાર ને સદર માંગણી મુજબ નુ વીજ જોડાણ જરૂર ન હોય – અરજી દફતરે કરવામા આવેલ હતી.<br><br>જેથી, મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૨) મુજબ ની વિગતે – અરજદાર ની સૌરઉર્જા હેઠળ કરેલ અરજી તબ્દીલ થઈ શકે નહી. જેથી, મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં. (૭) મુજબ ની વિગતે – સૌર યોજના હેઠળ ભરપાઈ કરેલ નોંધણીચાર્જ – નિયમાધીન રીતે રીફંડ મેળવવા માટે – ઓરીજીનલ રસીદ સાથે પીજીવીસીએલ ની સબંધક કચેરીને અરજી કર્યે – પીજીવીસીએલ દ્વારા નિયમાધીન રીતે રીફંડ આપવા માટે ની કાર્યવાહી કરવાની રહેશે.<br><br>જો અરજદાર – તેઓની અગાઉ નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી તા.૨૨–૦૭–૧૪ થી સર્વે નંબરઃ ૧૧૯/૧ મા ૧૦ હોપા માટે અરજી કરેલ છે, જેનો અગ્રતાક્રમ – ૨૩૮/૨૦૧૪ છે. જો, તે અન્વયે – સોલારપંપ મેળવવા ઈચ્છતા હોય તો – નવેસર થી કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ – કાર્યવાહી કરવાની રહેશે, અથવા સામાન્ય યોજના હેઠળ વીજ જોડાણ – અગ્રતાક્રમ મુજબ વર્ષ –૨૦૧૪ મા નોંધણી કરાવેલ અરજી ને – વીજ જોડાણ આપવાની કાર્યવાહી ચાલુ હોય – તે બાબતે – જો અરજદાર વીજ જોડાણ લેવા ઈચ્છતા હોય તો – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા તા.૦૫–૦૧–૧૮ ના રોજ સ્મૃતિપત્ર–(૧) મુજબ – અરજદારે જરૂરી કાર્યવાહી કરવી. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ અંતર્ગત – અરજદાર દ્વારા તા.૨૨–૦૭–૧૬ ના રોજ રૂ.૧૦૦૦/–રસીદ નંબરઃ ૨૪૪૧૫૪ થી ૭.૫ હોપા માટે ખેતીવાડી સર્વે નંબરઃ ૧૧૯ / ૧ / પૈકી મા – ખેતીવાડી સૌર ઉર્જા સંચાલીત પમ્પ હેઠળ નુ જોડાણ મેળવવા માટે ની માંગણી મુકેલ છે. પરંતુ, તેઓની રજુઆત મુજબ – તેઓએ ભુલ થી સર્વે નંબરઃ ૫૩૬/૧/પૈકી માં – જે રેગ્યુલર જોડાણ ની માંગણી કરેલ હતી, જેના રજીસ્ટ્રેશન નંબરઃ ૧૨૭૨૬ તા.૦૪–૦૮–૧૨, ૧૫ હોપા ની રસીદ જોડાય ગયેલ છે. જે પીજીવીસીએલ દ્વારા રદબાતલ કરેલ હોય – જેની અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ તા.૨૧–૦૯–૧૭ દ્વારા જાણકારી અપાયેલ હોય – જેથી અરજદાર ની રજુઆત અન્વયે ની અરજી ગ્રાહય રાખી શકાય નહી. તે મુજબ ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.

PRAVIN BACHU BHESANIYA